# પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારો ક્યાં સુધી ?

## ટેક્સ ઓછા કરી સરકાર રાહત આપી શકે પરંતુ સત્તામાં બેઠેલાઓને હવે તીજોરીઓ ભરવામાં જ રસ છે : બુરે દિન આ ગયે

ગાંધીનગર, તા. ૨૨

ઈંધણના ભાવ દરરોજ વધી રહ્યા છે. સવારે અખબારનું પાનુ ખોલો ત્યારે મનમાં ને મનમાં એટલી પ્રાર્થના જરૂર થઈ જાય છે કે હવે આજે પેટ્રોલ-ડીઝલના ભાવ ન વધે

**સમયસર**

તો સારૂ. સરકારે દરરોજ ભાવ વધારો કરવાની છૂટ આપીને ઓઈલ કંપનીઓને લૂંટ કરવાનો પરવાનો આપી દીધો છે અને સરકાર પણ ઈંધણના ભાવો ઘટે તે માટે કોઈ પગલાં લે તેવા એંધાણ મળતાં નથી. પેટ્રોલ-ડીઝલના ભાવ ઓલટાઈમ હાઈ પહોંચ્યા હોવા છતાં જાણે કોઈના પેટનુ પાણી હલતુ નથી.

કર્ણાટકની ચૂંટણી પુરી થઈ તે પછી તુરંત જ પેટ્રોલ-ડીઝલના ભાવ વધવા શરૂ થઈ ગયા છે. દરરોજ ૨૦-૨૨ પૈસાનો ભાવ વધારો ઈંધણ કંપનીઓ કરી રહી છે અને મોંઘવારીનું ધીમુ ઝેર ફેલાવી રહી છે. મધ્યમવર્ગ માટે તો એક સાંધો ત્યાં તેર તુટે તેવી વાત છે. ઈંધણના ભાવ છેલ્લા ૧૬ વર્ષની સૌથી ઉંચી સપાટીએ પહોંચ્યા છે પરંતુ આ મુદ્દે દેશમાં કોઈ આંદોલન જોવા મળતુ નથી. કારણ કે ભાજપ હાલમાં સત્તા પર છે અને કોંગ્રેસ આ મુદ્દે આંદોલન કરે તેવી શક્તિ ધરાવતી નથી. જો ભાજપ વિપક્ષમાં હોત તો અત્યારે ઈંધણના ભાવવધારા મુદ્દે દેશવ્યાપી આંદોલન છેડાઈ ચુક્યુ હોત. સરકારની નાકમાં દમ કરાવી મુકાયો હોત.

સત્તાધારી પક્ષ આંતરરાષ્ટ્રીય ભાવોને જવાબદાર ગણે છે પરંતુ સાચી હકીકત તો એ છે કે ભાજપ જ્યારે સત્તામાં આવ્યુ ત્યારે ઈંધણના ભાવ સાવ તળીયે ગયા હતા. પરંતુ તેના લાભ આમ જનતાને આપવાના બદલે સરકારે તિજોરી ભરવા માટે એક્સાઈઝ ડ્યુટીમાં સતત વધારો કરવા માંડ્યો. ૨૦૧૪માં પેટ્રોલ પર એક્સાઈઝ ૯.૮૦ રૂપિયા પ્રતિ લીટર હતી જે ૨૦૧૫-૧૬માં ૨૧.૪૮ રૂપિયા થઈ ગઈ. એજ રીતે ડીઝલમાં રૂ. ૩.૬૫ ડ્યુટી હતી એ વધીને ૧૭.૩૩ થઈ ગઈ. આના કારણે લોકોને ભાવઘટાડાનો લાભ ન મળ્યો. કોંગ્રેસની સરકાર વખતે ક્રૂડ તેલના ભાવ વિક્રમી સપાટીએ ગયા હોવા છતાં અત્યારે જે ભાવ છે તે સપાટીએ તો ભાવ પહોંચ્યા જ ન હતા.

આગામી દિવસોમાં જો સરકાર ઈંધણના ભાવ વધારા મુદ્દે કંઈ નહી કરે તો મોદી સરકાર પર ભીંસ વધશે. કારણ કે ક્રૂડ તેલના ભાવ ૭૫ ડોલરની સપાટી વટાવી ગયા છે અને તે ૮૦ની સપાટી વટાવે તે નિશ્ચિત છે. આ સ્થિતિમાં ઓઈલ કંપનીઓ હજુ વધુ ભાવ વધારશે જ એ નિશ્ચિત છે. બીજી બાજુ સરકાર એક્સાઈઝમાં ઘટાડો કરવા ઈચ્છુક હોય એમ લાગતુ નથી. ગયા ઓક્ટોબરમાં એકવાર ઘટાડો કર્યો એ પછી કોઈ ફાયદો અપાયો નથી. સરકાર માટે આ સીધી આવક છે તેને કોઈ જવા દેવા તૈયાર નથી. ઈંધણને જીએસટી હેઠળ લાવવાની માત્ર વાતો થઈ છે પરંતુ તેની કોઈ હીલચાલ હાલમાં દેખાતી નથી. પેટ્રોલ-ડીઝલના ભાવોમાં અડધો અડધ હિસ્સો જુદા જુદા કરોનો છે. કરોના કારણે ઈંધણનો ભાવ આટલો ઉંચો છે. હજુ તો વધુ ભાવો વધશે તો સરકાર માટે તે કપરાં ચઢાણરૂપ બનશે કારણ કે આગામી વર્ષે રાજસ્થાન-મધ્યપ્રદેશ જેવા મોટા રાજ્યોમાં ચૂંટણી છે તે પછી ૨૦૧૯ની લોકસભા ચૂંટણી આવવાની છે. ઈંધણના મુદ્દે સરકારે જલદી નિર્ણય લેવો પડશે.



અલૌકિક ઘટના - ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર જૈન આરાધના કેન્દ્ર, કોબા ખાતે છેલ્લા ૩૧ વર્ષથી દર ૨૨મી મેના રોજ બપોરે ૨ કલાક અને ૭ મિનિટે ભગવાન મહાવીરના ભાલે સૂર્યતિલકની અલૌકિક ઘટના સર્જાય છે... શિલ્પશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રના શુભગ સમન્વયથી બનતી આ ઘટના છે... સૂર્યની ગતિ નિશ્ચિત હોય છે, જ્યોતિષશાસ્ત્ર મુજબ સૂર્ય ક્યારેય વક્ર ગતિ નથી કરતો, તેથી જ ચોક્કસ સમયે સૂર્યના કિરણો બરાબર ૨ કલાક અને ૭ મિનિટે ભગવાનના ભાલે પ્રતિબિંબિત થાય એ પ્રકારે શિલ્પ સ્થાપત્ય મુજબ દેરાસરનું નિર્માણ કરાયું છે... અલૌકિક ઘટનાના સાક્ષી બનવા સેંકડો ભાવકો ઉમટે છે...

# ધો-૧૦નું પરિણામ ૨૮મી મેના રોજ જાહેર કરાશે

## ગણિતના અઘરા પ્રશ્નપત્ર બાદ પરિણામની લાંબા સમયની ઈન્તેજારીનો અંત : વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામ લક્ષી ઉત્તેજના પ્રબળ બની : જિલ્લામાંથી ૩૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી

ગાંધીનગર તા ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી ધોરણ -૧૦ની પરીક્ષાનુ આગામી તા ૨૮ મેં ના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી ૩૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ -૧૦ ની પરીક્ષા આપી હતી. ધોરણ -૧૦ માં ગણિતના પ્રશ્નપત્રએ વિદ્યાર્થીઓને રડાવ્યા હતા. જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. લાંબા સમયથી ધોરણ -૧૦ના પરિણામને અનુલક્ષી અનેક અટકળો પ્રબળ બની હતી. જયારે પરિણામની તારીખ પણ સત્તાવાર જાહેર ન થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તજના પણ વધી છે. જયારે આજે બોર્ડ દ્વારા આગામી તા ૨૮ મે ના રોજ પરિણામ જાહેર કરવાની જાહેરાત કરી દેવાતા વાલીઓએ પણ હાંશકારો અનુભવ્યો છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવે આ અંગે જણાંવ્યા મુજબ આગામી તા ૨૮ મેં ના રોજ ધોરણ -૧૦ નુ પરિણામ જાહેર કરવામાં આવશે. બોર્ડની વેબસાઈટ પર સવારે ૮ કલાકે પરિણામ જાહેર કરવામાં આવશે. જયારે ૧૧ થી ૨ દરમિયાન જિલ્લાના વિતરણ કેન્દ્રો પર માર્કશીટ પણ આપી દેવાશે. ધોરણ -૧૦ની પરીક્ષામાં ગણિતનુ પેપર અઘરુ અને અટપટુ નિકળતા વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રો બહાર રડી પડયા હતા. જયારે ગણિતના પ્રશ્નપત્રને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા પ્રસરી હતી. ગણિતના અઘરા પેપરથી શિક્ષણવિદોમાં પણ નારાજગી વ્યાપી હતી. જેના લીધે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામને અનુલક્ષી ચિંતાનુ મોજુ પ્રવર્તાયુ હતુ. બીજીતરફ ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ પણ પ્રતિવર્ષ કરતા વહેલુ જાહેર કરી દેવાતા ધોરણ -૧૦ના પરિણામની તારીખમાં પણ ફેરફાર થવાની સાથે ઝડપથી પરિણામ જાહેર કરી દેવાય તેવી સંભાવના પ્રબળ બની હતી. છેલ્લા એક સપ્તાહથી ધોરણ -૧૦ ના પરિણામને અનુલક્ષી નવી નવી તારીખો સોશિયલ મીડીયામાં ફરતી થઈ હતી. પરંતુ સત્તાવાર રીતે પરિણામ અંગે કોઈ માહીતી ન મળતા વિદ્યાર્થીઓ સહીત વાલીઓની મુંઝવણ વધી હતી. જો કે આજ પરીક્ષા સચિવ દ્વારા આગામી તા ૨૮ મેં ના રોજ પરિણામ અંગેની જાહેરાત કરી દેવાતા વાલીઓમાં હાંશકારો પ્રવર્તયો છે. ગાંધીનગર જિલ્લામાંથી ૩૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ -૧૦ની પરીક્ષા આપી હતી.

# સે. ૨૪માં પ્રદૂષિત પાણીના પુરવઠાને પગલે ૮૦ નાગરિકો ઝાડા અને પેટના દર્દી બન્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકામાં શુધ્ધ પીવાનું પાણી પુરૂ પાડવામાં નિષ્ફળ રહેલ તંત્રને કારણે સે. ૨૪માં ૮૦ જેટલા લોકોને સારવાર લેવાની ફરજ પડી હોવાનું કોંગી કાઉન્સીલર અંકિત બારોટે આજે કમિશ્નરને લખેલા પત્રમાં જણાવ્યુ છે.

મ્યુનિ. કમિશ્નરને પાઠવેલા પત્રમાં બારોટે આ સ્થિતિના નિર્માણ પૂર્વે તંત્રને ચેતવ્યુ હોવા છતાં પગલાં ન લેવાતાં તેમણે ઉગ્ર રોષ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે જળસંચયના નામે થતા તાયફા બંધ કરો અને પાટનગરને શુદ્ધ પીવાનું પાણી આપો. બારોટે જણાવ્યુ છે કે સે. ૨૪ માટે તંત્ર પહેલેથી ઓરમાયુ વર્તન દાખવતુ રહ્યુ છે જે ખુબ જ દુ:ખદ બાબત છે. સે. ૨૪માં

### કોંગી કાઉન્સીલર અંકિત બારોટે પીવાનું સ્વચ્છ પાણી પુરા ફોર્સથી આપવા પત્ર લખી કરી માંગ

રહેતા લોકો ગરીબ અને મધ્યમવર્ગ ઉપરાંત શ્રમજીવી છે.

તેમણે આ પત્રમાં જણાવ્યું છે કે છેલ્લા એક સપ્તાહથી પ્રદૂષિત પેયજળનો પુરવઠો મળી રહ્યો છે તેમજ પુરતા દબાણ સાથે પણ પુરવઠો આપવામાં આવતો નથી. જેને કારણે લોકો પેટની બિમારીનો ભોગ બની રહ્યા છે.

બારોટે પત્રમાં વિગતો દર્શાવતા લખ્યું છે કે આજ રોજ સેક્ટર-૨૪ના ઈન્દીરાનગર વસાહત, શ્રીનગર સોસાયટી, ડબલડેકરના અલગ અલગ પરિવારના ૮૦ જેટલા લોકોને સિવિલ હોસ્પિટલ અને ખાનગી દવાખાનામાં ઝાડા-ઉલટી, પેટમાં દુખાવાના કારણે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે, જેના સ્વાસ્થ્ય માટે સંપૂર્ણ જવાબદાર પાટનગર યોજના વિભાગના અધિકારી અને કર્મચારીઓ છે, આ બાબતે આપને રજૂઆત કરીએ છીએ કે તાત્કાલિક ધોરણે સરકારમાં રજૂઆત કરી આ વિસ્તારોમાં આવેલી જૂની પાણીની પાઈપલાઈન બદલી નવા કનેક્શન આપી પુરતા પ્રમાણમાં ચોખ્ખું પાણી આપવામાં આવે. ભવિષ્યમાં કોઈ પણ જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે તેમ સ્પષ્ટ આ પત્રમાં જણાવ્યું છે.

# આજે જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાનની કામગીરીના અભ્યાસ માટે ટીમ આવશે

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાન અંતર્ગત ચાલી રહેલી કામગીરીના અભ્યાસ માટે ભારત સરકારની એક ઉચ્ચકક્ષાની ટીમ આવી રહી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે કુપોષિત પણ મેડીકલ ઈલનેશ ધરાવતા બાળકોને આપવામાં આવી રહેલી સારવાર અને તેના પરિણામોના અભ્યાસ માટે આ ટીમ આવી રહી છે.

અતિકુપોષિત કેટેગરીમાં આવતા આ બાળકોની સારવાર માટે જિલ્લામાં ચાર સીએમટીસી સેન્ટરો આવેલા છે. જે માણસા, નારદીપુર, છાલા, દહેગામ ખાતે આવેલા છે. જ્યારે ન્યુટ્રીશ્યન રિહેલીબીલેશન સેન્ટર ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવેલ છે તેની મુલાકાત આ ટીમ લેશે.

આ કેન્દ્રોમાં બાળકોને ૧૪ દિવસ માટે રાખવામાં આવે છે અને તેમને સારવાર સાથે કુપોષણમાંથી મુક્ત કરવામાં આવે છે. દરેક સીએમટીસી સેન્ટરમાં ૧૦ બાળકોને રાખવાની સુવિધા છે. ગત વર્ષે જિલ્લામાં ૮૫૧ જેટલા બાળકોને આ કેન્દ્રોમાં રાખવામાં આવ્યા છે.

# નવા આવાસો બાંધવા માટે ખાલી જગ્યાનો સર્વે ટુંકમાં સ્થળ પસંદગી કરાશે

## સેકટરોમાં આવાસોનો નિકાલ કરાયા બાદ ખાલી જગ્યાનો સર્વે કરી ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન રજુ કરાશે

ગાંધીનગર તા ૨૨

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ સેકટરોમાં સ્થિત જોખમી મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. જયારે નવા આવાસો બાંધવા માટે પણ અભ્યાસ હાથ ધરાયો છે. નવા સરકારી આવાસો બાંધવા માટે હજુ સુધી સ્થળ પસંદગી થઈ શકી નથી. જયારે જુના સરકારી આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ નવા આવાસો માટે ટુંકમાં ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન કરવામાં આવશે. ત્યારબાદ નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી કરવામાં આવશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં એક અંદાજ મુજબ ૩ હજાર જેટલા આવાસો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે નવા આવાસો બાંધવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના સે-૭ અને સ-૨૯ માં નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે સે-૩૦ માં પણ આગામી બે મહીનામાં નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસો તૈયાર થઈ જશે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો અન્વેય પણ અગાઉ સર્વે હાથ ધરી તબક્કવાર ભયજનક મકાનો તોડી નાંખવામાં આવી રહયા છે. સેકટરોમાં સ્થિત સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા સરકારી મકાનો તોડી નાંખવા માટે તબક્કાવાર તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવે છે.

સે-૭ અને સે-૧૩ માં પણ અગાઉ આવાસો તોડવાનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે સે-૨૦ માં પણ જુના સરકારી આવાસો તોડી નાંખવાનુ કામ ટુંકમાં હાથ ધરાશે. શહેરમાં સરકારી આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં ખુલ્લી થયેલી જગ્યામાં નવા આવાસો બાંધવા માટે સર્વે હાથ ધરવામાં આવ્યો છે. સેકટરોમાં નવા આવાસો બાંધવાની યોજના તૈયાર છે. જયારે જુના આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ સ્થળ સ્થિતિનો અભ્યાસ કરી નવી આવાસ યોજના તૈયાર કરવા માટે સ્થળ પસંદગી કરવામાં આવશે. આ માટે હાલ સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે .જયારે સર્વે અને અભ્યાસના અંતે નવા સ્થળની પસંદગી કરવામાં આવશે. સર્વેના અંતે રીપોર્ટ વિભાગના મુખ્ય ઈજનેર સમક્ષ રજુ કરવામાં આવશે. જેના અંતે નવા આવાસો બાંધવા માટે નિર્ણય લેવાશે. અલબત્ત જગ્યાની પસંદગી કરી સ્થળ નક્કી કરાશે.

# જાણીતા હાસ્ય સર્જક વિનોદ ભટ્ટની તબિયત લથડી

## ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સૌજન્ય મુલાકાત લીધી



ગાંધીનગર, તા.૨૨

જાણીતા હાસ્ય સર્જક વિનોદ ભટ્ટની તબિયત નાજુક બનતા સાહિત્ય જગતમાં ચિંતાનું મોજુ પ્રસર્યુ હતું. છેલ્લા બે દિવસથી હાસ્ય લેખક વિનોદ ભટ્ટની તબિયત લથડતા તેમને ઘરે જ સારવાર આપવામાં આવી રહી છે. જોકે આ વખતે તબિયત વધારે નાજુક જણાય છે. આજે સાંજે રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને પૂર્વ સનદી અધિકારી તથા જાણીતા કવિ ભાગ્યેશ જહા વિનોદ ભટ્ટના ખબર-અંતર પૂછવા સૌજન્ય મુલાકાત લીધી હતી. અને ઝડપથી તબિયત સુધરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. ગુજરાતી ભાષાના સર્જકો અને સાહિત્ય પ્રેમીઓ મોટી સંખ્યામાં વિનોદ ભટ્ટની ખબર-અંતર પૂછવા તેમના નિવાસસ્થાને પહોંચે છે. વિનોદ ભટ્ટની હાસ્ય કોલમનો સૌથી મોટો ચાહક વર્ગ ગુજરાતી ભાષામાં રહ્યો છે. સાહિત્ય જગતમાં હાસ્ય લેખક તરીકે લોકપ્રિય રહ્યા છે.

# સોઈલ હેલ્થ કાર્ડ માટે ૧૫૨ ગામોમાંથી જમીનના નમૂના લેવા માટે તંત્રનું આયોજન

## જમીનના નમૂના માટે ખાસ ગ્રીડો તૈયાર કરવામાં આવી છે : ૧૫૨ ગામના ૫૮,૪૪૬ ખેડૂત ખાતેદારો છે : ૯૯૧૧ જમીનના નમૂના લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ૧૫૨ ગામમાંથી આ વખતે સોઈલ કાર્ડ તૈયાર કરવા માટે જમીનના ૯૯૧૧ નમુના મેળવવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૮૧ જેટલા નમૂના પિયત વિસ્તાર ધરાવતી જમીનમાંથી લેવામાં આવશે જ્યારે ૭૮૨૯ બિનપિયત વિસ્તાર ધરાવતી જમીનમાંથી મેળવવામાં આવશે. આ નમૂનાઓ થકી ૮૨,૩૫૯ ખેડૂતોના સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર થશે. જમીનના નમૂના લેવા માટે ખાસ ટીમો તંત્ર દ્વારા બનાવવામાં આવી છે એટલુ જ નહિ દરેક ગ્રામ પંચાયતોને આ માટે ખાસ કાગળ પણ લખવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે જે ૧૫૨ ગામોમાંથી જમીનના નમૂના લેવાના છે તેમાં ગાંધીનગરના ૪૨, દહેગામના ૫૨, માણસાના ૨૪ અને કલોલના ૩૪ ગામોનો સમાવેશ થાય છે.

આ ગામોમાં નોંધાયેલ ખેડૂત ખાતેદારોની સંખ્યા ૫૮,૪૪૬ છે તેમજ આ ગામોની કુલ જમીન ૯૭,૮૨૯ .૫૫ હેક્ટર જેટલી થવા જાય છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ કે ૨૦૧૭-૧૮માં ૧૫૧ ગામમાંથી ૮૩૬૯ નમુના લેવામાં આવ્યા હતા. આ ગામોના સોઈલ હેલ્થ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# સગીરા સાથે અઘટીત કૃત્ય કરવાની કોશિશ બદલ આરોપીને પાંચ વર્ષની કેદ

ગાંધીનગર તા ૨૨

કલોલ તાલુકાના પાનસર ગામમાં સગીર દીકરી પર બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગત અનુસાર તા ૧૧ એપ્રિલ વર્ષ ૨૦૧૭ ના રોજ કલોલ તાલુકાના પાનસર ગામમાં આ કેસના આરોપીએ સગીર દીકરી સાથે અઘટીત કૃત્ય કરવાની કોશિશ કરી હતી. આ દરમિયાન સગીરાએ બચાવનો પ્રયાસ કરતા આરોપીએ તેણીની માતા તેમજ ભોગ બનનારને ગડદાપાટુનો માર માર્યો હતો. આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે કલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી વિરુધ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ દલીલો કરી હતી. જેમાં તેમણે કોર્ટ સમક્ષ દલીલોમાં જણાંવ્યુ હતુ કે ભોગ બનનાર સગીર વયની છે. જયારે આરોપી ૧૫ દિવસથી અઘટીત કૃત્ય કરવાની કોશિશ કરતો હતો. આરોપીએ સગીરાને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ કેસ સંદર્ભે સ્પે પોક્સો જજ આર એમ વોરાએ આરોપીને પાંચ વર્ષની સજા ભોગવવા તેમજ રૂ ૧ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com